# OTTના કાળમાં સામૂહિક મનોરંજન મરી પરવાર્યું છે

આપણા સમાજમાં મનોરંજનની વ્યાખ્યા સમયે સમયે બદલાતી રહે છે. જૂના કાળમાં ભારત ગામડાંઓમાં વસતું હતું ત્યારે પ્રજા પાસે મનોરંજનનાં ભાતીગળ સાધનો હતાં, જેમાં રામલીલા, ભવાઈ, લોકનાટકો, લોકનૃત્યો, ગરબા, લેઝિમ, ફટાણાં, લગ્નગીતો, તહેવારો અને મેળાઓનો સમાવેશ થતો હતો. આ બધાં માધ્યમો મનોરંજન ઉપરાંત લોકશિક્ષણનું કામ પણ કરતાં હતાં. ભારતીય ગામડાંઓનું સામાજિક અને સાંસ્કૃતિક માળખું પરંપરાગત રીતે સામૂહિકતા, વહેંચણી અને સહઅસ્તિત્વ પર આધારિત હતું. અદ્યતન તકનીકી માધ્યમોની ગેરહાજરીમાં વિવિધ પ્રકારનું મનોરંજન સામાજિક જોડાણનાં સાધન તરીકે સેવા આપતું હતું. તે સમયે જોવું અને સાંભળવું એ ફક્ત વ્યક્તિગત પ્રવૃત્તિ નહોતી, પરંતુ સામૂહિક અનુભવનો ઉત્સવ હતો. મોટા ભાગનાં ગ્રામીણ ઘરોમાં ટેલિવિઝન ઉપલબ્ધ નહોતું અને મોબાઈલ ફોન અથવા ઈન્ટરનેટ જેવી ટેક્નોલોજી હતી જ નહીં. મનોરંજન એ એક સહિયારી, સામાજિક ઘટના હતી, જે સમુદાયની ભાવનાને પ્રોત્સાહન આપવામાં અને વ્યક્તિ અને સમૂહ વચ્ચે સંતુલન જાળવવામાં મદદ કરતી હતી. ગામડાંઓમાં સિનેમાનાં થિયેટરો નહોતાં, માટે ગામડાંના લોકો ફિલ્મો જોવા શહેરોમાં જતા હતા. દેશમાં ટીવી આવ્યું તેની સાથે ગામડાંઓમાં મનોરંજનના ક્ષેત્રમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું હતું. મનોરંજનનાં પરંપરાગત સાધનો અને ટીવી વચ્ચે જાણે હરીફાઈ જામી હતી. શરૂઆતમાં ફક્ત થોડાં ઘરોમાં જ ટીવી હતું.

મોટા ભાગે કાળા અને સફેદ સ્ક્રીન સાથે એન્ટેના જોડાયેલું હતું અને પવન અથવા હવામાનના આધારે ચિત્ર સ્પષ્ટ અથવા ઝાંખું થતું હતું. જેમ જેમ સાંજ આવતી ગઈ, તેમ તેમ બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોને એક સામાન્ય ઈચ્છા થતી કે હું આજની સિરિયલ કે એપિસોડ જોવા માંગુ છું. ટીવીના પ્રારંભના કાળમાં છાયાગીત, ફૂલ ખિલે હૈ ગુલશન ગુલશન, રવિવારની ફિલ્મ વગેરે મુખ્ય આકર્ષણો હતાં. પછી રામાનંદ સાગરની રામાયણ સિરિયલ આવી, જેણે લોકોના રોજબરોજના જીવનમાં ટીવીનો વ્યાપ ખૂબ જ વધારી દીધો. અગાઉ જે કલાકારો ગામે ગામ ફરીને રામલીલા ભજવતા તેમનું સ્થાન હવે રામાયણ અને મહાભારત જેવી સિરિયલોએ લઈ લીધું હતું. ટીવી ચાલુ થતાં જ, નજીકનાં ઘરોના લોકો ધીમે ધીમે એક જ આંગણામાં કે વરંડામાં ભેગા થઈ જતા. જમીન પર એક કોથળો, કાર્પેટ અથવા સાદડી પાથરવામાં આવતી હતી. જો જગ્યા મર્યાદિત હોય તો કોઈ બારીની બહાર ઊભું રહીને ટીવી જોતું. તે ફક્ત મનોરંજન નહોતું, પરંતુ સાથે બેસવાનો, સાથે હસવાનો અને સાથે પ્રતિક્રિયા આપવાનો એક સહિયારો અનુભવ હતો. તે સમયે ટીવી સહિયારા મનોરંજનનું સાધન ગણાતું હતું.

ધીમે ધીમે દરેક ઘરોમાં ટીવી આવી ગયાં. શરૂઆતમાં ટીવી માત્ર ડ્રોઈંગ રૂમમાં જ રહેતું હતું. ઘરના બધા સભ્યો સાંજના ભોજન પછી ડ્રોઈંગ રૂમમાં ભેગા થતા અને પારિવારિક સિરિયલોનો આનંદ ભેગા થઈને માણતા હતા. પછી એડલ્ટ સિરિયલો શરૂ થઈ, જે પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેવી નહોતી. ટીવી હવે બેડરૂમમાં પ્રવેશી ગયું. પતિ-પત્ની સાથે બેસીને ટીવીનો આનંદ માણતા હતા. આજે હવે OTT પ્લેટફોર્મને કારણે ટીવી વ્યક્તિગત મનોરંજનનું સાધન બની ગયું છે. આજે સંસ્કૃતિ ઉદ્યોગની વિભાવના



આપણને સમજવામાં મદદ કરે છે કે કેવી રીતે OTT પ્લેટફોર્મ મનોરંજનથી આગળ વધીને એક સંપૂર્ણ સિસ્ટમ બની ગઈ છે. સંસ્કૃતિ હવે સામાજિક રીતે ઉત્પન્ન થતી પ્રક્રિયા નથી; તેના બદલે તે બજાર દ્વારા નિર્ધારિત થાય છે. શું બનાવવામાં આવે છે, તે કેવી રીતે બનાવવામાં આવે છે અને કોના માટે, તે હવે નફા, પ્રેક્ષકોની સંખ્યા અને ગ્રાહકના ડેટા દ્વારા નક્કી થાય છે.

**ટાઈમ લાઈન**
**-સંજય વોરા**

સામાજિક દ્રષ્ટિકોણથી OTT પ્લેટફોર્મની અસર દ્વિધાપૂર્ણ છે. એક તરફ તેઓ જ્ઞાન, વૈશ્વિક દ્દષ્ટિકોણ અને વ્યક્તિગત સ્વતંત્રતામાં વધારો કરે છે. બીજી તરફ, તેઓ પરંપરાગત સામૂહિક અનુભવો, કૌટુંબિક ક્રિયાપ્રતિક્રિયાઓ અને સ્થાનિક સાંસ્કૃતિક પ્રથાઓને નબળી પાડી રહ્યા છે. દર્શકોની પસંદગીઓના આધારે સામગ્રીનું કસ્ટમાઈઝેશન અને ભલામણ OTTનું સૌથી મોટું આકર્ષણ બની ગયું છે. પરિણામે દર્શકો ગુણવત્તાયુક્ત સામગ્રીનો ઝડપથી ઉપયોગ કરી શકે છે, વધુ સામગ્રીનો ઉપયોગ કરી શકે છે અને મૂવી જોવાના અનુભવને નવી રીતે ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવી રહ્યો છે. ફક્ત સાપ્તાહિક જ નહીં પરંતુ દૈનિક અથવા તો દૈનિક રિલીઝ પણ હવે સામાન્ય બની ગઈ છે, જે મનોરંજનનો સતત પ્રવાહ બનાવે છે. OTT પ્લેટફોર્મ્સે મનોરંજનને વ્યક્તિગત, સીમલેસ અને વૈશ્વિક બનાવ્યું છે. તેઓ દર્શકોને તેમની પસંદગીઓ અને જીવનશૈલી અનુસાર અનુભવો પસંદ કરવાની મંજૂરી આપે છે. વધુમાં, તેમણે મીડિયા અને સંસ્કૃતિ ઉદ્યોગના વિસ્તરણ અને નવા બજારો સુધી પહોંચવાની સંભાવનાને વિસ્તૃત કરી છે. આમ, OTT માત્ર એક તકનીકી પરિવર્તન જ નહીં, પરંતુ સમાજના મનોરંજન, સંસ્કૃતિ અને વર્તનને આકાર આપતું એક શક્તિશાળી માધ્યમ બની ગયું છે.

આધુનિકતાના સંદર્ભમાં OTT સંસ્કૃતિ તાત્કાલિક સંતોષ, પસંદગીઓ બદલવા અને સતત જોવા (આગામી એપિસોડ સમાપ્ત થતાંની સાથે જ આપમેળે ચલાવવામાં આવે છે) જેવી આદતોને પ્રોત્સાહન આપે છે, જ્યાં મનોરંજન કાયમી સામાજિક સંબંધને બદલે ક્ષણિક વપરાશ બની જાય છે. તેનાથી વિપરીત, જો આપણે જૂનાં ગામડાંના દ્રશ્યને યાદ કરીએ તો ચિત્ર એકદમ અલગ છે. આજે, જ્યારે OTT પ્લેટફોર્મ અને સ્માર્ટફોને મનોરંજનને સંપૂર્ણપણે વ્યક્તિગત બનાવી દીધું છે, ત્યારે આ જૂના અનુભવો વધુ મૂલ્યવાન લાગે છે. જ્યારે આપણી પાસે OTT, Netflix, YouTube, મોબાઈલ સ્ક્રીન, દરરોજ 1GB ડેટા અને અસંખ્ય વિકલ્પો હોઈ શકે છે, પણ જૂના કાળમાં જે પ્રકારનું સામૂહિક મનોરંજન હતું તેના જેવી મજા તેમાં નથી. આજે, OTT પ્લેટફોર્મ્સે આ પરંપરા બદલી નાખી છે. દરેક વ્યક્તિ ગમે ત્યારે પોતાની પસંદગીની સામગ્રી જોઈ શકે છે. આ સુવિધામાં વ્યક્તિગત મનોરંજન છે, પરંતુ તેનાથી કુટુંબની હૂંફનો અને પરિવારમાં જોવા મળતાં જૂથ અનુભવોનો અભાવ વધ્યો છે.●

**વ્યક્તિ ગમે ત્યારે પોતાની પસંદગીની સામગ્રી જોઈ શકે છે. આ સુવિધામાં વ્યક્તિગત મનોરંજન છે, પરંતુ તેનાથી કુટુંબની હૂંફનો અને પરિવારમાં જોવા મળતાં જૂથ અનુભવોનો અભાવ વધ્યો છે**




# સંસ્કાર ભરતી સુયાત સમિતિ દ્વારા ભરતમુનિ જયંતીની રંગે ચંગે ઉજવણી

સંસ્કાર ભારતી સુરત આયોજિત તા ૧-૨-૨૦૨૬નાં રોજ ભરતમુનિ જયંતિ ઉત્સવ સમારોહમાં વિવિધ કલાકીય મંચન જેમાં કથક, ભરતનાટયમ, એકોતી અને એકાંકી નાટકના અદ્ભુત રીતે રજુ થયા અને પ્રેક્ષકોની તાળીઓનો ગડગડાટ ગુંજી ઉઠયો.

આ સમારોહનું શરૂઆત ખુબ કલાકીય બની. સુપ્રસિદ્ધ નાટયકાર વૈભવ દેસાઈના નિર્દેશનમાં સર્વપ્રથમ ચિત્રકલા વિધામાં કુમારી વૈભવી ભાઠાગરાએ પોતાની ચિત્રકલાનું સત્વ શ્રી ગણેશજી, ભરતમુનિ અને તિરંગાનું અલૌકિક ચિત્ર ઘેરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આજ ચિત્ર સામે સૌ મહેમાનો અને સન્માનિત કલાકારો દ્વારા દીપ-પ્રાગટયા કરવામાં આવ્યું. આમ પણ થાકેલા, હારેલા માણસોને કલા પરમ આનંદ આપે છે અને માનવીને સત્વશીલ, ઉમદા બનાવવાનું તેમજ




સમાજમાં પ્રસરેલ વૈમનસ્યને દૂર કરવાનું કાર્ય કરે છે. કંઈક આવા જ ઉમદા તત્વો લઈને એક પછી એક કૃતિ સ્ટેજ ઉપરથી રજૂ કરવામાં આવી હતી.

સંસ્કાર ભારતીનાં મંચીય કળાના મુખ્ય સંયોજક તેમજ નૃત્યકાર શ્રી રેશ્મા નાગરની શિષ્યઓએ એમના નિર્દેશન હેઠળ સિન્ક્રોની કથક એકેડમીના સથવારે સુંદર ગણેશ વંદના નૃત્ય રજૂ કરી. પ્રથમ ગણેશજીને પછી મહાશક્તિની સર્જન શક્તિને દર્શાવતી આ પ્રસ્તુતિ ખૂબ જ સરસ રહી, લોકોએ તાળીથી વધાવી લીધી. ત્યારબાદ સંસ્કાર ભારતી સંસ્થાનું ભાવવાહી તેમ જ કર્ણપ્રિય ધ્યેય ગીત મંચ ઉપરથી નિયુક્ત થયેલી સમિતિના તમામ હોદ્દેદારો દ્વારા આ ધ્યેયગીતનું ઊભા રહીને ભાવવાહી ગાન કર્યું હતું. શ્રી પરફોર્મિંગ આર્ટસના કલા ગુરુ અને સંસ્કાર ભારતીના નૃત્ય વિધાના શ્રી બીનિતા શાહની શિષ્યઓએ એમના નિર્દેશન હેઠળ આચાર્ય ભરતમુનિ દ્વારા રચિત નાય શાસ્ત્રનાં સ્લોક આધારિત ભરતનાટયમ નૃત્ય પ્રસ્તુતિ કરી જેમાં એમની શિષ્યા રાજા ગઢવી, માનસી ઠાકર, લક્ષ્મી મેનોન, અને દેવી તાળિયાવાળાએ શાસ્ત્રીય નૃત્ય રજૂ કર્યું. જેનું દિગ્દર્શન શ્રી બિનીતા શાહે કર્યું હતું. નૃત્યના શાસ્ત્રીય તત્વો સૌષ્ઠવ તથા ભાવરસની પ્રક્રિયાને ઉજાગર કરી અને ભરતમુનિની વિચારધારાને જીવંત બનાવતી આ કલા યાત્રા રૂપે આ કૃતિ પ્રશંસાને પાત્ર બની રહી. ત્યારબાદ બાયપોલર' નામની

**હિન્દી ફિલ્મના દિગ્ગજ અભિનેતા ટીકુ તલસાણીયાને સન્માની એમની ખાસ ઉપસ્થિતિમાં વૈભવ દેસાઇ ને સુરતના અધ્યક્ષ તરીકે ઘોષિત કરાયા**

**કર્ટનકોલ**
**- શ્રીમતી પ્રજ્ઞા વશી**

એકોક્તિ યુવા અભિનેતા યા ઉપાધ્યાય દ્વારા ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે રજુ થઇ.


રંગમંચ ઉપર સમારોહના ચીક ગેસ્ટ હિન્દી, ગુજરાતી ફિલ્મો અને ટી.વી. તેમજ રંગભૂમિના દિગ્ગજ અભિનેતા શ્રી ટીકુભાઈ તલસાણીયા હાજર રહ્યાં હતાં એમનું ભાવભીનું સન્માન સુપ્રસિદ્ધ નાટ્યકાર અને સંસ્કાર ભારતીના અધ્યક્ષ શ્રી વૈભવ મુકેશ દેસાઈ તેમજ સાહિત્યકાર કવયિત્રી અને સંસ્કાર ભારતીના સાહિત્ય વિધાના સંયોજક શ્રી પ્રજ્ઞા વશી એ કર્યું હતું. ટીકુભાઈના સાલસ સ્વભાવે સુરતના પ્રેક્ષકોને ચકિતકાર્ય, તેઓએ યુવા કલાકારોને સંબોધતા કયું કે જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં હાર ન સ્વીકારીઆગળ ઉત્તરોત્તર વધતા રહેવું એ જ શ્રેષ્ઠ જીવન છે એન હસતા રહેવું એ જીવનની સૌથી મોટી જડીબુટ્ટી છે. પ્રેક્ષકોએ એમના આ વિચારને તાળીઓથી વધાવ્યો. અતિથિ વિશેષ તરીકે ચેમ્બર ઓફ કોમર્સ સુરતનાં પ્રમુખ શ્રી નિખિલભાઈ મદ્રાસીનું સન્માન નાટ્યકાર તેમજ સંસ્કાર ભારતી ના ઉપાધ્યક્ષ શ્રી કશ્યપ જોશી તેમજ નાટ્યકાર તેમજ સંસ્કાર ભારતીનાં મહામંત્રી શ્રી મુકુંદ કિનખાબવાળાએ કર્યું હતું. અતિથિ વિશેષ ઉપાધ્યક્ષ સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના શ્રી રમણિક ઝાપડિયાનું સન્માન નૃત્યકાર તેમજ સંસ્કાર ભારતી નૃત્યવિધાનાં શ્રી બિનીતા શાહ તેમજ સંસ્કાર ભારતી કોષાધ્યક્ષ શ્રી જય ૩ વાળા એ કર્યું હતું. નાટ્ય વિધા સંયોજક સંસ્કાર ભારતી ગુજરાતના શ્રી કપિલદેવ શુક્લનું સન્માન સંસ્કાર ભારતી નાટ્યવિધાનાં સંયોજક શ્રીમતી ધરતી ચિનાઈ તેમજ નાટ્યકાર અને સંસ્કાર ભારતી ના છાયાકલા (ફિલ્મ) ના સંયોજક અને ફિલ્મ અભિનેતા શ્રી સંજય પરમારે કર્યું હતું. શ્રી રમણીકભાઈ ઝાપડિયાએ નિયુક્ત કરેલ નવી સમિતિની જાહેરાત કરી સહુને સંસ્થાનો ખેસ પહેરાવીને હોદ્દેદારોનું સન્માન કર્યું હતું. ડી. ખુશાલદાસ જવેલરસ અને આઈ. એસ. બી. વિજીલન્સ ની સૌજન્યતા માટે પણ આભાર વ્યક્ત કરાયો.

અંતે સર્વે મહાનુભવોએ પોતાનું ઉદ્બોધન રજુ કર્યું અને મહાનુભવોનાં હસ્તક સુરતનાં સપ્તરંગી સાત કલાકારોનું સન્માન કરવામાં આવ્યું. અનુક્રમે નાટ્ય કલાકારો શ્રી રમેશ સેવક, શ્રી વિલોપન દેસાઈ, શ્રી દિલીપભાઈ શાસ્ત્રી, શ્રી મનિષા શુક્લ, ઓડિસી નૃત્યકાર શ્રીમતિ દેબાશ્રિતા મોહંતી, ભરતનાટ્યમ નૃત્યકાર શ્રીમતિ રીના રાવળ, સંગીતકાર શ્રી સુધીર યાર્દી.

અંતે શ્રી મિહિર પાઠક લિખિત અને શ્રી વત્સલ શેઠ દિગ્દર્શિત વિજેતા નાટક "આહૂતિ" નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. આ નાટક અનેક એવોર્ડ મેળવી ચૂક્યું છે. હેતુલક્ષી આ નાટક લોકોએ ખૂબ જ વખાણ્યું અને તાળીઓના ગડગડાટથી આ નાટકને વધાવી લીધું. અંતે ભરતમુનિ જયંતીનો આ પર્વ યાદગાર બની ગયો. સંચાલન શ્રીમતી પ્રજ્ઞા વશી અને આભારવિધિ શ્રી કશ્યપ જોશીએ કરી. સંસ્કારભરતી સુરત સમિતિ સતત આવા ઉત્તમ ઉપક્રમો યોજતા રહે એ માટે પ્રેક્ષકોએ વિનંતી કરી સમિતિને તાલીઓના ગડગડાટ સાથે વધાવી.●

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. પવનપુત્ર, હનુમાન (૩)
૪. જુલમી, નિર્દય (૩)
૬. નાસી જવું તે (૪)
૮. પૂરી જેવી નાસ્તાની એક વાનગી (૩)
૯. તલવારનું ઘર (૩)
૧૦. દૃષ્ટિ, જોવું તે (૩)
૧૨. બળ, શક્તિ (૨)
૧૩. મોં, ચહેરો (૩)
૧૪. દેહ, શરીર (૨)
૧૬. પાર, છેડો (૨)
૧૭. મીઠું, રામની ભક્તિનો રસ (૪)
૨૦. આંબાની ફૂલમંજૂરી (૨)
૨૧. ઠંડું, ટાઢું (૩)
૨૨. શક, શંકા (૩)
૨૩. વીતી ચૂકેલું (૨)
૨૪. ટેવ, ગર્વ (૨)
૨૫. પાક (૨)
૨૬. ઊંચકવાની મજૂરી (૨)
૨૭. તપેલું કે તપાવેલું (૨)
૨૮. એક જાતનું કાપડ (૨)
૨૯. અવાજ (૨)
૩૦. બળતરા, અગન (૨)
૩૧. સરોવર (૨)
૩૨. દાણાવાળું એક કઠોળ (૨)
૩૩. હાથી (૨)
૩૫. પ્રથા, ધારો (૩)
૩૬. મારવું તે (૨)
૩૮. નમવું તે, દેવપૂજાનું પાણી (૩)
૪૦. સંદેશ (૪)
૪૨. પુત્રી (૩)
૪૩. ચંદ્રમા (૨)
૪૪. નસ, વલણ (૨)
૪૫. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૪૬. વીજળી (૩)
૪૭. શીંગોથી ભરાઈ જતું એક ઝાડ (૪)
૪૯. તદ્દન (૪)
૫૧. જંગલી, વન્ય (૨)
૫૨. હાજર કરેલું (૨)
૫૩. દૂધ દેતું એક ચોપગું પશુ (૨)
૫૪. પુત્ર (૨)
૫૫. વચન (૨)
૫૬. સિંહ (૪)
૫૮. મહેક, ખુશબો (૪)
૬૦. મુસાફરી (૨)
૬૨. મોટું (૨)
૬૩. જૈન સાધુ (૨)
૬૫. સરખાપણું, સમતત્વ (૩)
૬૬. નિર્દય, જાલિમ (૩)
૬૮. આકાશ, ગગન (૨)
૭૦. અસલથી ચાલ્યું આવતું (૪)
૭૨. પ્રાણ (૨)
૭૩. સૌથી નાનું (૪)
૭૪. ''ચેતતો....સદા સુખી'' (૨)


**ઊભી ચાવી**

૧. પૃથ્વી (૪)
૨. ફૂલ-ઝાડ ઉછેરનાર (૨)
૩. અંધારું, અંધકાર (૩)
૪. પશુ, જનાવર (૪)
૫. ચિંતન કરવાનાં સ્વભાવવાળું (૫)
૬. પાછું (૩)
૭. મૃત્યુના દેવ (૨)
૧૧. મસાલામાં વપરાતું સોડમવાળું એક બી (૨)
૧૨. ઉછાળો, જુસ્સો, વેગ (૨)
૧૫. નવાઈભર્યું, નવલું (૩)
૧૬. સરખી સપાટીનું (૪)
૧૮. રાજી, જગ્યા (૩)
૧૯. લીન, આસક્ત (૨)
૨૦. જાડી મોટી ચાદર (૨)
૨૪. હોડી (૨)
૨૫. હિજરી સનનો પહેલો મહિનો (૪)
૨૬. જાસૂસ (૨)
૨૮. જિંદગી, જન્મારો (૩)
૨૯. જરાક (૨)
૩૧. સમાન સપાટીવાળું (૪)
૩૨.અઠવાડિયો પ્રત્યેક દિવસ (૨)
૩૩. ઉપકાર (૨)
૩૪. સારું વર્તન (૨)
૩૬. માયાવાળી, ઠગનારી (૪)
૩૭. મીઠું (૨)
૩૯. મોટું (૩)
૪૦. ચરણ (૨)
૪૧. એક કંદમૂળ (૩)
૪૩. વહેવું એ (૪)
૪૪. દાણાદાર લોટ (૨)
૪૫. બાળ ભાષામાં ચવાણું (૨)
૪૭. દરજ્જો, ઉપાધિ (૨)
૪૮. આંખની કીકી (૩)
૪૯. રાજનીતિ (૨)
૫૦. ભપકો, રોફ (૩)
૫૧. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૫૩. બટનનું નાકું (૨)
૫૪. કિનારો, તીર (૨)
૫૫. નેતરની ખુરશી (૪)
૫૬. હેત, સ્નેહ (૩)
૫૭. રાત, રજનિ (૨)
૫૮. ધણી, કંથ (૨)
૫૯. ખુશ, પ્રસન્ન (૨)
૬૧. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૬૨. તાકાત (૩)
૬૩. જોડકું (૩)
૬૪. મેંદી (૨)
૬૭. આનંદ, લહેર (૨)
૬૯. પદ્ધતિ, રસમ, પ્રકાર (૨)
૭૧. સાચું, સત્ય (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

